بسم الله الرحمن الرحیم

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.02-06-2017 સ્થળ: બૈતુલ ફુતુહ લંડન**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝે ફરમાવ્યું:

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡا كُتِبَ عَلَيۡکُمُ الصِّيَامُ کَمَا كُتِبَ عَلَى الَّذِيۡنَ مِنۡ قَبۡلِکُمۡ لَعَلَّکُمۡ تَتَّقُوۡنَۙ

અર્થાતઃ હે ઈમાન લાવનારાઓ, રોઝા તમારા માટે ફરજીયાત કરવામાં આવ્યા છે. જેમ તમારી પહેલાંના લોકો માટે ફરજીયાત કરવામાં આવ્યા હતા, જેથી તમે તકવા અખ્તીયાર કરો.

અલહમ્દો લિલ્લાહ કે આપણને આપણા જીવનમાં ફરીથી પવિત્ર રમઝાન મહિનાથી પસાર થવું નસીબ થઈ રહ્યું છે. આંહઝરત સ.અ.વ.એ ફરમાવ્યું કે ખરેખર જન્નતને રમઝાન માટે વર્ષના પ્રારંભથી અંત સુધી સજાવવામાં આવે છે.તેવી જ રીતે એક અન્ય રિવાયતમાં છે કે આંહઝરત સ.અ.વ. એ ફરમાવ્યું કે જે વ્યકિતને રમઝાનના રોઝા ઈમાનની હાલતમાં અને પોતાની આત્માનું નિરીક્ષણ કરતાં રાખ્યા તેનાં પાછલા ગુનાહો માફ કરી દેવામાં આવશે અને જો તમોને જાણ હોત કે રમઝાની ફઝીલત શું શું છે તો તમે જરૂર આ વાતના ઈચ્છુક હોત કે આખું વર્ષ રમઝાન હોય.

આંહઝરત સ.અ.વ.એ જે બીજી હદીસમાં જેમાં સ્પષ્ટ રીતે ફરમાવી દીધું કે ઈમાનની હાલતમાં રોઝા રાખ્યા તથા પોતાની આત્માની શુદ્ધિ કરતાં રમઝાન પુરો કરવાથી આ સ્તર મળે છે અને જ્યારે આ હાલત હશે તો પાછલાં ગુનાહો પણ માંફ થાય છે, ઈન્સાન ઈમાનમાં પ્રગતિ કરે છે, પોતાની આત્માનું નિરીક્ષણ કરે છે, પોતાની દુર્બળતાઓને જુએ છે, પોતાના કર્મોને જુએ છે, અલ્લાહ અને તેના બંદાઓના અધિકારોને અદા કરવા પર વિચાર કરે છે, પોતાના કર્મોને અલ્લાહ તઆલાની પ્રસન્નતા અનુસાર પુરા કરવાનો પ્રયાસ કરે છે તો પાપોની માફી પણ થાય છે અને આ જ ઉદ્દેશ રમઝાનના રોઝા દ્વારા પ્રાપ્ત કરવાનો અલ્લાહ તઆલાએ કુરઆન કરીમમાં પણ બયાન ફરમાવ્યું છે. આ આયતમાં જે મેં તિલાવત કરી છે કે તમારા પર રોઝા એટલા માટે ફરજીયાત કર્યા છે જેથી તમે તકવા વાળા બની જાઓ અને તકવા એ જ છે કે પ્રત્યેક કામ ખુદા તઆલાની પ્રસન્નતા માટે હોય તો ત્યારે જ તમે રોઝાથી લાભ મેળવી શકશો. અને શૈતાનના હુમલાથી બચી શકશો, નહીતર શૈતાનની આ ખુલ્લી ચુનૌતી છે કે જરાં ઈન્સાન અલ્લાહ તઆલાની શરણથી દુર થાય અને તરત જ તેને શૈતાન હુમલો કરી દે. માટે ઈમાનમાં પ્રગતિ તથા આત્મનિરીક્ષણ જ ઈન્સાનને અલ્લાહ તઆલાની શરણમાં ભાગીદાર બનાવે છે અને આ ત્યારે જ થઈ શકે છે જ્યારે ઈન્સાન તકવા પર ચાલનાર હોય.

ઈમાનની હાલત અને ધોરણ અને તકવાની હાલત તથા ધોરણ કેવા હોવા જોઈએ. તે વિશે હઝરત મસીહ મૌઉદ અ.સ. આપણને જણાવે છે કે ઈમાનની હાલત તે સમય સુધી નથી થઈ શકતી જ્યાં સુધી કે અલ્લાહ તઆલાની ઓળખ ન હોય આપે ફરમાવ્યું કે ભારી માર્ગ જે આપણે પસાર કરવાનો છે તે અલ્લાહની ઓળખ છે, તેને ઓળખવો છે અને જો આપણી ખુદા શનાશી જ ઝાંખી છે તો આપણો ઈમાન કદાપી પ્રકાશમય નથી હોય શકતો. ખુદા શનાશી કેવી રીતે થશે? અલ્લાહ તઆલાની દયા અને વિશેષતાના જલવાથી થશે. એવો સંબંધ ખુદા તઆલાથી પૈદા કરવાથી થશે જેમાં ખુદા તઆલાની કૃપા અને દયા અને કુદરતના ગુણ આપણા અનુભવમાં આવશે અને આ વાતો તે સમયે અનુભવમાં આવશે જ્યારે ખુદાની ઈબાદત અને તેનાથી સંબંધની વિશેષ અભિવ્યકિત થઈ રહી હોય. આપે ફરમાવ્યું કે અલ્લાહ તઆલાની દયા, કૃપા અને કુદરતના ગુણ જ્યારે અનુભવ થાય છે તો પછી તે માનસિક કુભાવનાઓથી છોડાવે છે અને માનસિક કુભાવનાઓ, ઈમાન અને વિશ્વાસની દુર્બળતાના કારણે પૈદા થાય છે. જો ઈમાન કમજોર ન હોય અને અલ્લાહ તઆલા પર પૂર્ણ વિશ્વાસ હોય તો માનસિક કુધારણાઓ પૈદા નથી થતી. આપે ફરમાવ્યું કે આ દુનિયાની સમૃદ્ધિ, તેમની સંપત્તિ, તેનું ધન જેટલું મનુષ્યને પ્રિય છે તેટલી આખિરતના જીવનની નેઅમતો તેને પ્રિય નથી કેમકે જો આખિરતના જીવનની નેઅમતો પણ એટલી પ્રિય હોતા તો પછી તેને પ્રાપ્ત કરવા માટે પણ તેટલો જ પ્રયાસ થતો જેટલો દુનિયાની વસ્તુઓની પ્રાપ્તિ માટે થાય છે બલ્કે તેનાથી અધિક હોત. આથી સ્પષ્ટ થયું કે અલ્લાહ તઆલાની કુદરત અને દયા અને વાયદાઓ પર વાસ્તવિક ઈમાન નથી અને આ વાતનો નિરીક્ષણ કરવાની જરૂર છે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે આ સ્પષ્ટીકરણ બાદ આ વાત સારી રીતે સમજાય શકાય છે કે ઈમાન કોઈ નાની વાત નથી આ ખુબ મોટી વસ્તું છે, એક ખુબ મોટો ટાર્ગેટ છે જે આપણને આપવામાં આવ્યો છે. હઝરત મસીહ મૌઉદ અ.સ. એક સ્થાને ફરમાવે છે કે વાત એ છે કે ખુદા તઆલા પર ઈમાન બે પ્રકારનો છે. એક તે ઈમાન જે ફકત જુબાન સુધી જ સીમિત છે અને તેનો પ્રભાવ તેના કર્મો તથા કથનો પર કંઈ નથી હોતો. બીજો પ્રકાર ઈમાન બિલ્લાહનો આ છે કે કર્મોની ગવાહીઓ તેની સાથે હોય. આમ, આ બીજા પ્રકારનો ઈમાન પૈદા ન થાય , હું નથી કહી શકતો કે એક વ્યકિત ખુદા ને માને છે આ વાત મારી સમજમાં નથી આવતી કે એક વ્યકિત અલ્લાહ તઆલાને માને પણ છે અને પછી ગુનાહ પણ કરે છે. દુનિયાનો અધિકતર ભાગ આ પહેલાં પ્રકારનો ઈમાન માને છે. હું જાણું છું કે તે લોકો સ્વીકાર કરે છે કે અમે ખુદાને માનીએ છીએ પરંતુ સાથે જ તે ગંદકીમાં લિપ્ત તથા પાપના અંધકારમાં ઘેરાયેલાં છે. ફરમાવ્યું કે પછી તે શું વાતો છે કે તે ગુણ જે ઈમાન બિલ્લાહની વિશેષતા છે તે તેને પ્રત્યક્ષ તથા દરેક સમયે જોનાર માનીને પૈદા નથી થતો ? ફરમાવ્યું કે મનુષ્યની પ્રકૃતિમાં આ વાત વિધમાન છે કે તે જે વસ્તું પર વિશ્વાસ રાખે છે તેની હાનિથી બચવા તથા તેના લાભને લેવા ચાહે છે. જુઓ સંખિયા એક ઝેર છે અને ઈન્સાન આ વાતનો જ્ઞાન રાખે છે કે તેની થોડી માત્રા પણ વિનાશ કરવા માટે પર્યાપ્ત છે તો કદાપી તે તેને ખાવા માટે દલેરી નથી કરતો, એટલાં માટે કે જાણે છે કે તેનું ખાવું વિનાશ છે પછી કેમ તે ખુદા તઆલાને માનીને તે વાતોને પૈદા નથી કરતો જે ઈમાન બિલ્લાહની છે. ફરમાવ્યું કે જો સંખિયાને બરાબર પણ અલ્લાહ તઆલા પર ઈમાન હોય તો તેની ભાવનાઓ તથા ઈચ્છાઓ પર મૌત આવી જાય પરંતુ નહી. માટે પહેલો કર્તવ્ય ઈન્સાનનો આ છે કે તે પોતાનો ઈમાન ઠીક કરે જે અલ્લાહ તઆલા પર રાખે છે અર્થાત તેણે પોતાના કર્મો દ્વારા પ્રમાણિત કરી બતાવે કે કોઈ એવું કામ તેનાથી ન થાય જે અલ્લાહ તઆલાની શાન તથા તેના આદેશ વિરૂદ્ધ હોય.

હુઝુર અનવરે ફરમાવ્યું કે આમ, આ છે એક મોમિનની આત્મનિરીક્ષણનો તરીકો, રમઝાન મહીનામાં એક વિશેષ માહૌલ બનેલ હોય છે તથા ઈબાદતો અન નેકીઓ તરફ ધ્યાન પૈદા થઈ રહ્યો હોય છે. એવા માહૌલમાં ઈબાદતો અને નેકીઓ તરફ ધ્યાન કેન્દ્રિત કરતાં પોતાના કર્મો તરફ ધ્યાન કરતાં આપણે આપણા ખુદા સામે ઝુકતા, પાછલાં ગુનાહોની માફી માંગવી જોઈએ અને પછી આ રમઝાનને ભવિષ્યના જીવનને અટૂટ અમ્ગ બનાવી લેવો જોઈએ.

જ્યારે આંહઝરત સ.અ.વ. એ આ ફરમાવ્યું કે ઈમાનની હાલત અને આત્મનિરીક્ષણ કરતાં રમઝાન ગુજારો તો તેનો અર્થ છે કે તકવામાં પ્રગતિ કરતાં પોતાની હાલતોને અલ્લાહ તઆલાની પ્રસન્નતાના અધિન કરતાં આ દિવસો ગુજારો અને જો આમાં સફળતા મળી ગઈ તો પછી તકવા જીવનનો અભિન્ન અંશ બની જશે. જીાોતાના કર્મોને ઈન્સાન માત્ર રમઝાનના મહીનામાં જ ઠીક ન કરશે બલ્કે આ કૃપા હંમેશા માટે જારી કૃપા થશે. હઝરત મસીહ મૌઉદ અ.સ.એ આ તરફ આપણને ધ્યાન અપાવતાં ફરમાવ્યું કે કુરઆન અને ઈસ્લામની તાલીમનો ઉદ્દેશ તો તકવા પૈદા કરવો હતો. તે જ આપણને જોવા નથી મળતો, રોઝા રાખે છે નમાઝો પઢે છે પરંતુ તકવાથી વંચિત હોવાના કારણે આ જ નમાઝો અને રોઝા તેમને પાપી બનાવી રહ્યા છે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે ઈસ્લામના નામે આજે આપણે જોઈએ છીએ કે આતંકવાદ થઈ રહ્યો છે, નિર્દોષ લોકોની હત્યા કરવામાં આવે છે આ એટલા માટે છે કે તકવા નથી. એવા લોકોને રમઝાન કેવી રીતે લાભ આપી શકે છે જે તકવાથી વંચિત છે, જે અલ્લાહ અને રસૂલના નામે અત્યાચાર કરે છે તેઓ કદાપી રમઝાનની લાભ મેળનાર નથી બલ્કે અલ્લાહ તઆલાની પકડમાં આવનાર છે. આવા સમયમાં જ્યારે અત્યાચાર અને વિનાશની આ ઘટનાઓ સાંભળીએ છીએ અને જોઈએ છીએ તો અહેમદીઓને પહેલાંથી અધિક ઈસ્તગફાર કરતાં, અલ્લાહ તઆલાની સ્તુતિ કરતાં કે તેણે આપણને તે અત્યાચારીઓથી અલગ કરીને હઝરત મસીહ મૌઉદ અ.સ.ને માનવાની તૌફીક આપી, પોતાની ગતિવિધિઓ પર નઝર રાખવી જોઈએ, પોતાના ઈમાનોની મજબૂતીની ચિંતા કરવી જોઈએ. હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે ઈમાનનુ મૂળ તકવા અને પવિત્રતા છે તેનાથી જ ઈમાન શરૂ થાય છે અને તેમાંથી જ તેની સિંચાઈ થાય છે તથા માનસિક પ્રવૃત્તિઓ દબે છે. આમ આપના આ કથનથી આ વાત અધિક ખુલી ગઈ કે ઈમાન તકવા વગર પૈદા થઈ જ નથી શકતો. તકવા હશે તો કર્મ નેક થશે અને કર્મ નેક હશે અને અલ્લાહ તઆલાની પ્રસન્નતા અનુસાર થશે તો ઈમાનમાં પ્રગતિ ઉત્પન્ન થશે. આનાથી આ પણ સ્પષ્ટ થઈ ગયું કે રમઝાનની ફઝીલતના ફળ પણ તકવામાં વધ્યા વગર પ્રાપ્ત નથી થઈ શકતા. તકવા વધશે તો ઈમાન વધશે, આત્મનિરીક્ષણ તરફ ધ્યાન થશે અને જ્યારે આત્મનિરીક્ષણ તરફ ધ્યાન હશે. પોતાનું નિરીક્ષણ

ઈન્સાન કરશે તો માનસિક પ્રવૃત્તિઓ પણ દબાશે અને માનસિક પ્રવૃત્તિઓને દબાવવું જ અલ્લાહ તઆલાના આદેશ અનુસાર કામ કરતાં તેની નિકટતા પ્રદાન કરે છે.

હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે વાસ્તવિક તકવા જેનાથી ઈન્સાન ધોવાય છે અને સાફ થાય છે અને જેના માટે નબી આવે છે, તે દુનિયાથી ઉઠી ગયો છે. પવિત્રતા અને વિશુદ્ધિ ઉત્તમ વસ્તું છે. મનુષ્ય પવિત્ર હોય તો ફરિશ્તાઓ તેનાથી હાથ મીલાવે છે. લોકોમાં આ વાતનો મહત્વ નથી બલ્કે તેના આનંદની પ્રત્યેક વસ્તું હલાલ સાધનોથી તેમને મળે. આપ ફરમાવે છે કે હદીસમાં આવ્યું છે કે ચોર ચોરી નથી કરતો જ્યારે કોઈ મોમિન હોય, આ બિલકુલ સાચી વાત છે, જો ખુદા તઆલાનો ભય હોય તો સંભવ નથી કે ગુનાહ કરે. ફરમાવે છે કે અસલ મૂળ અને લક્ષ્ય તકવા જ છે જેને આ વરદાન મળ્યું તો બધું મેળવી શકે છે તેના વગર સંભવ નથી કે ઈન્સાન નાના કે મોટા ગુનાહોથી બચી શકે. ફરમાવ્યું કે ઈન્સાન પોતાને એકલો સમજીને ગુનાહ કરે છે, જ્યારે એકલો સમજે છે તો સ્પષ્ટ છે કે તે સમજે છે કે ખુદા મને નથી જોતો તો તેનો અર્થ આ થયો કે તે નાસ્તિક થયો તે સમયે અને આ વિચાર નથી કરતો કે કે મારો ખુદા મારી સાથે છે તે મને જોવે છે. અને જો તે આ સમજતો તો કદાપી પાપ ન કરતો. ફરમાવે છે કે પ્રત્યેક વાત તકવા પર જ આધારિત છે, કુરઆને તેનાથી જ આરંભ કર્યુ છે. ઈય્યાકા નઅબુદુ વઈય્યાકા નસ્તઈન નો અર્થ પણ તકવા છે કે ઈન્સાન જો અમલ કરે છે પરંતુ ભયના કારણે સાહસ નથી કરતો કે તેને પોતાના સંબંધિત કરે અને તેને ખુદાની સહાયતા સમજે છે અને ઈય્યાકા નઅબુદુ કહી દે છે કે આ જે ઈબાદત છે તે પણ તારી સહાયતાથી થઈ રહી છે. તુ સામર્થ્ય આપી રહ્યો છે તો ઈબાદત થઈ રહી છે નહીતર આ ઈબાદત નથી થઈ શકતી અને આગળ માટે પણ સહાયતા માંગે છે કે ભવિષ્યમાં પણ અલ્લાહ તઆલા તૌફીક આપે કે ઈબાદતની તૌફીક મળતી રહે. આમ સ્તર છે તકવાનો. પછી ફરમાવ્યું કે બીજી સૂરત હુદલલિલ મુત્તકીનથી શરૂ થાય છે. આપ અ.સ. ફરમાવે છે કે નમાઝ રોઝા ઝકાત તે સમયે કબૂલ થાય છે જ્યારે ઈન્સાન મુત્તકી હોય. આ રીતે જો તકવા હશે તો આ વસ્તુંઓ કબૂલ થશે, જો તકવા નથી તો આ વસ્તુંઓ પણ સ્વીકાર કરવા યેગ્ય નથી. આપ અ.સ. ફરમાવે છે કે કુરઆન શરીફમાં આ આયત إِنَّ الَّذِينَ قَالُوا رَبُّنَا اللَّهُ ثُمَّ اسْتَقَامُوا تَتَنَزَّلُ عَلَيْهِمُ الْمَلَائِكَةُ أَلَّا تَخَافُوا وَلَا تَحْزَنُوا وَأَبْشِرُوا بِالْجَنَّةِ الَّتِي كُنتُمْ تُوعَدُونَ ફરમાવે છે કે આમાં પણ તેનો અર્થ મુત્તકી છે અર્થાત તે લોકો જેમણે કહ્યું કે અલ્લાહ અમારો રબ છે અને પછી મજબુત સંકલ્પ થઈને આ વિશ્વાસ પર કાયમ થઈ ગયા કે અલ્લાહ અમારો રબ છે, તે જ આપણી તમામ આવશ્યકતાઓને પુરો કરનાર છે, તે જ પાલન કરનાર છે. તેમના પર ફરિશ્તાઓ ઉતરશે આ કહેતા કે ડરો નહી અને જે તમારા પાછલાં કામ છે તેનાથી પણ ભયભિત ન થશો કેમકે હવે તમે તકવા ધારણ કરી લીધો છે અને પછી આગળ છે કે દુનિયા અને આખિરાતમાં અમે તમારા વલી અને સંરક્ષક છીએ.

આ રીતે અલ્લાહ તઆલા પાપોને ક્ષમા કરે છે નેકીઓમાં મજબુત સંકલ્પ રહેનારને અને પછી આ જ નહી બલ્કે તેમને દુનિયાની નેઅમતોથી પણ લાભ આપે છે તથા આખિરાતમાં વલી અને સંરક્ષક બને છે. કેટલા ભાગ્યશાળી છે આપણામાંથી તે લોકો જે રમઝાનમાં પોતાની હાલતો બદલતાં મજબુત નિશ્ચય પૂર્વક અલ્લાહ તઆલાના આદેશ અનુસાર પોતાનું જીવન વ્યતીત કરનાર છે તથા આ પ્રયાસમાં છે પોત પોતાનું જીવન વ્યતીત કરે.

હુઝુર અનવરે ફરમાવ્યું કે અલ્લાહ તઆલા આપણને મુત્તકી બનાવવા ચાહે છે જેથી તેની અત્યંત કૃપાઓ દ્વાર આપણા પર ખુલે અને રમઝાનમાં વિશેષ રૂપથી પોતાની કૃપાઓના દ્વાર તકવા ધારણ કરવા વાળોઓ માટે તે ખોલે છે. મુત્તકી બનવા માટે ન કેવળ બુરાઈઓને ત્યાગવું છે બલ્કે નેકીઓ પણ ધારણ કરવી છે. તેને વિસ્તાર પૂર્વક બયાન કરતા હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે મુત્તકી બનવા માટે જરૂરી છે કે તેના પછી કે મોટી વાતો જેવું કે વ્યભિચાર, ચોરી, અધિકારોનું હનન, દેખાવ, ધૃણા કંજૂસી વગેરે ને ત્યાગવામાં પાકકો હોય તો ખરાબ આચરણથી બચીને તેની તુલનામાં સારા આચરણમાં પ્રગતિ કરે. લોકો સાથે સદભાવના, પ્રસન્નચિત, સહાનુભૂતિની ભાવના સાથે પેશ આવે. ખુદા તઆલા સાથે સાચી વફા અને સચ્ચાઈ દેખાડે. સેવાઓના ઉચ્ચ ધોરણ શોધે. આ વાતોથી મનુષ્ય મુત્તકી કહેવાય છે અને જે લોકો આ વાતોમાં નિપુણ હોય છે તે જ વ ાસ્તવમાં મુત્તકી હોય છે અર્થાત જો એક એક વિશેષતા અલગ અલગ કોઈમાં હોય તો તેને મુત્તકી ન કહીશું જ્યાં સુધી સંયુકત રૂપથી સારા આચરણ તેમનામાં ન હોય.

હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે જે લોકો ફકત બૈઅત કરીને આ ચાહે છે કે ખુદાની પકડથી બચી જાય તેઓ ભુલ કરે છે તેમને નફસે દગો આપ્યો છે. જુઓ વૈદ્ય જે વજન સુધી દર્દીને દવા પીવડાવી ચાહે છે જો તે હદ સુધી ન પીવે તો સ્વસ્થ થવાની આશા રાખવી વ્યર્થ છે. માટે એટલી હદ સુધી સફાઈ કરો અને અલ્લાહના નારાઝ થવાના ભયને ધારણ કરો જે ખુદાના પ્રકોપથી બચાવવાનો હોય છે. ફરમાવ્યું કે અલ્લાહ તઆલા પશ્ચાતાપ કરનાર પર રહેમ કરે છે કેમકે જો એવું ન હોત તો દુનિયામાં અંધારું થઈ જાત. ફરમાવ્યું કે ઈન્સાન જ્યારે અલ્લાહની નારાઝગીથી ડરવા લાગે છે તો ખુદા તઆલા તેમાં અને તેના ગૈરમાં અંતર મુકી દે છે. આપ ફરમાવે છે કે આપણી જમાઅતે ડરવું જોઈએ. જો કોઈમાં તકવા હોય જેવું કે ખુદા તઆલા ચાહે છે તો તે બચાવવામાં આવશે. આ સિલસિલાને ખુદા તઆલાએ તકવા માટે જ સ્થાપિત કર્યો છે કેમકે તકવાનો મૈદાન બિલકુલ ખલી છે. હુઝુર અનવરે ફરમાવ્યું કે એક બીજો રમઝાન આપણા જીવનમાં આવવો અને અલ્લાહ તઆલાનું આ ફરમાવવું કે રમઝાન એટલા માટે આવે છે કે તમે તકવા ધારણ કરો અને હઝરત મસીહ મૌઉદ અ.સ.નું આ ફરમાવવું કે આ સિલસિલાને અલ્લાહ તઆલાએ તકવા માટે જ કાયમ કર્યો છે આપણા પર મોટો દાયિત્વ નાખે છે કે આપણે પ્રત્યેક સમયે પોતાની હાલતોનું નિરીક્ષણ કરતા રહીએ તથા અલ્લાહ તઆલાએ આ જે વિશેષ કૃપાના દિવસો રાખ્યા છે તેમાં પોતાની અંદર એવા બદલાવ પૈદા કરો અને પોતાના તકવાના ધોરણોને એવો બુલંદ કરવાને પ્રયાસ કરો જે ખુદા તઆલા આપણાથી ઈચ્છે છે અને પછી રમઝાન માસ સુધી જ સીમિત ન રહે બલ્કે પોતાના જીવનનો અંશ બનાવી લો. અલ્લાહ તઆલા આપણને આની તૌફીક આપે. આમીન

ખત્બાના અંતમાં હુઝુર અનવરે મુકરરમ ખ્વાજા અહેમદ હુસૈન સાહેબ દરવેશ કાદિયાનની નમાઝે જનાઝા ગાયબ પઢવાનો એલાન ફરમાવ્યો તથા તેમના સદ ગુણોનું વર્ણન કર્યુ.

| Khulasa Khutba Jumma Huzoor Anwar 02 June 2017 |
| --- |
| BOOK POST (Printed Matter)<br><br>To.................................................................................................<br>.................................................................................................<br>.................................................................................................<br><br>From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT. |